# સરદાર પટેલ યુનિવર્સિટી
## સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા
## કાર્યનોંધ

સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભા તારીખઃ ૧૧/૯/૨૦૨૫ ના રોજ બપોરના ૪.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડ(ગ્રાઉન્ડ ફ્લોર) માં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતાઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રો. રમેશ એચ. મકવાણા (અધ્યક્ષ) | ૩. | ડૉ. પંકજ કે. પટેલ |
| ૨. | ડૉ. જયપ્રકાશ એમ. ત્રિવેદી | ૪. | ડૉ. મહેશ પરમાર |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

૧. તારીખઃ ૫/૧/૨૦૨૪ના રોજ મળેલ સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે, તારીખઃ ૫/૧/૨૦૨૪ના રોજ મળેલ સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે, સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરી સુધારા સહિત ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy – 2020 (NEP-2020) મુજબના સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમા અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રકચર (માળખું) તૈયાર કરવા ચર્ચા વિચારણા કરી મંજૂર કરવા બાબત.

ચાલુ. . .

આથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy – 2020 (NEP-2020) મુજબના સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમા અને આઠમાં સેમેસ્ટરના સુધારા વધારા સહિતના અભ્યાસક્રમ અને તેનુ સ્ટ્રકચર (માળખું) પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા અને તેનો અમલ જૂન ૨૦૨૬ થી ક્રમશઃ કરવો.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યોની માહિતીઃ**

૪. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy -2020 (NEP – 2020) મુજબના સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રકચર (માળખું) નો અમલ જૂન-૨૦૨૫ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની નોંધ લેવામાં આવી

નંબરઃ ડી/એ/ ૨૨૨૭૯

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ ૧૯/૦૯/૨૦૨૫

નાયબ કુલસચિવ

પ્રતિઃ

સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.

પરીક્ષા વિભાગ તરફ જાણ તથા સમાજશાસ્ત્રની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂ.